**તાપમાન**
મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૭૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૧૪ | ૪ જુલાઈ, ૨૦૧૬, સોમવાર ; જેઠ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પિથોરાગઢ, ચમોલીમાં ભારે તારાજી

દેહરાદૂન, તા. ૩

ઉત્તરાખંડમાં સ્થિતિ હજુ પણ સુધરી નથી. પિથોરાગઢ અને ચમોલીમાં કાટમાળને દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. બચાવ અને રાહત કામગીરીમાં સેના, રાજ્ય પોલીસ, ભારત તિબેટ પોલીસ, ઈમરજન્સી ટીમો, એનડીઆર એફની ટીમો લાગેલી છે. ૩૦મી જૂન અને પહેલી જુલાઈ બાદ હજુ પણ ઉત્તરાખંડમાં ભારે વરસાદ પડી રહ્યો છે જેના પરિણામ સ્વરુપે વાદળ ફાટવા અને ભેખડો ધસી પડવાની ઘટનાઓ બની હતી. ખાસ કરીને પિથોરાગઢ અને ચમોલીમાં વ્યાપક તબાહી થઈ છે. બાસ્તડી, નૌલડા, તથા અન્ય અસરગ્રસ્ત વિસ્તારોમાં કાટમાળને દૂર કરવાની કામગીરી ચાલી રહી છે. પિથોરાગઢમાં ગઈ કાલે જ એક વ્યક્તિને જીવિત બહાર કાઢવામાં સફળતા મળી હતી.

# બગદાદમાં આત્મઘાતી હુમલો

**ઇરાકમાં રમઝાન ઉત્સવ વેળા જ આત્મઘાતી હુમલો : ૯૦ના મોત : પવિત્ર રમઝાન પહેલા ખરીદી કરાઈ રહી હતી ત્યારે હુમલો : તાજેતરના વર્ષોના સૌથી પ્રચંડ હુમલામાં અનેક વાહનો તેમજ આસપાસના મકાનોને ભારે નુકસાન : અંધાધૂંધી ફેલાઈ : આઈએસે જવાબદારી સ્વીકારી**

બગદાદ,તા. ૩

હિંસાગ્રસ્ત ઈરાકના બગદાદમાં ભરચક બજારમાં રમઝાનની ઉજવણીને લઈને ભારે ઉત્સાહ હતો ત્યારે જ કરાયેલા ભીષણ આત્મઘાતી હુમલામાં ઓછામાં ઓછા ૮૨ લોકોના મોત થઈ ગયા છે અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે જે પૈકી મોટી સંખ્યામાં લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પાટનગર બગદાદમાં આ વર્ષનો સૌથી ભીષણ હુમલો કરવામાં આવ્યો છે. અનેક ગાડીઓના બ્લાસ્ટમાં ફુરચે ફુરચા ઉડી ગયા હતા. અધિકારીના કહેવા મુજબ આ બ્લાસ્ટ કર્રાદા વિસ્તારમાં કરવામાં આવ્યો હતો જ્યાં મોટી સંખ્યામાં લોકો પવિત્ર રમઝાન મહિના બાદ પડનાર રજાને લઈને બજારમાં ખરીદીના મૂડમાં હતા. રેફ્રિજરેટરથી ભરેલી એક ટ્રકના સહારે કર્રાદા વિસ્તારમાં આત્મઘાતી બોંબરે વિસ્ફોટ કર્યો હતો. ઈસ્લામિક સ્ટેટ દ્વારા આ હુમલાની જવાબદારી સ્વીકારવામાં આળી છે. આઈએસના સમર્થકો દ્વારા ઓનલાઈન નિવેદન જારી કરીને આ હુમલાની જવાબદારી સ્વીકારી લેવામાં આવી છે. આઈએસ શૂન્ય ચાઈન ઉપર ચાલનાર ખતરનાક આતંકવાદી સંગઠન છે. એમ કહેવામાં આવે છે કે આ હુમલો







● અનુસંધાન પાન-૭ પર

# સપા સરકારને હટાવવાની તાકાત ભાજપામાં છે

**સપા અને બસપા ક્રમ બનાવી ઉત્તરપ્રદેશમાં શાસન કરી રહ્યા છે જેથી પછાતપણું અને ગરીબી વધી : અમિત શાહ**



જૌનપુર, તા. ૩

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ઉત્તર પ્રદેશમાં સત્તારુઢ સમાજવાદી પાર્ટીની સાથે સાથે બસપા અને કોંગ્રેસ ઉપર આજે તેજાબી પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, આ વિસ્તારમાં સમાજવાદી પાર્ટીની સરકારને એક માત્ર દૂર કરવાની તાકાત માત્ર ભાજપમાં છે. શાહે આક્ષેપ કરતા કહ્યું હતું કે,ઉત્તર પ્રદેશમાં ક્રમ બનાવીને સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટી શાસન કરી રહી છે જેના પરિણામ સ્વરુપે ઉત્તર પ્રદેશમાં પછાતપણું અને ગરીબીનું પ્રમાણ વધી રહ્યું છે. તિલકધારી મહાવિદ્યાલયના મેદાનમાં કાશી પ્રાંતના ૧૫ જનપથથી આવેલા ૨૭૦૦૦ બૂથ અધ્યક્ષોની બેઠકને સંબોધતા અમિત શાહે કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશમાં વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં અખિલેશ યાદવ સરકારે બેરોજગારી ભથ્થા આપવાનું વચન આપ્યું હતું પરંતુ આ વચન પાળવામાં આવ્યું નથી. તેમણે કહ્યું હતું કે, આજે ભથ્થા ક્યાં પહોંચી ગયા છે. આનો જવાબ અખિલેશ યાદવ સરકારે આપવો પડશે. અખિલેશ યાદવ સરકાર સમગ્ર પ્રદેશના લોકો સાથે વિશ્વાસઘાત કરી રહી છે. અખિલેશ યાદવ ઉપર લોકોને ગેરમાર્ગે દોરવાનો અમિત શાહે આક્ષેપ કર્યો હતો. સમાજવાદી પાર્ટી સરકારને ઉખાડી ફેંકવાનો હવે સમય આવી ગયો છે. પ્રદેશમાં ભાજપ સરકારની રચના કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## અમરનાથ યાત્રાની નવી ટીમ રવાના

જમ્મુ, તા. ૩

શ્રદ્ધાળુઓના અભૂતપૂર્વ ઉત્સાહ વચ્ચે અમનાથ યાત્રા જારી રહી છે. અમરનાથ યાત્રામાં પવિત્ર ગુફામાં કુદરતીરીતે બનતા શિવલિંગના દર્શન કરવા માટે શ્રદ્ધાળુઓનો નવો કાફલો આજે સઘન સુરક્ષા વચ્ચે રવાના થયો હતો. ૧૮૭૧ શ્રદ્ધાળુઓની નવી ટુકડી આજે જમ્મુ શહેરથી રવાના થઈ હતી. વહેલી પરોઢે ૪.૪૦ વાગે શ્રદ્ધાળુઓનો નવો કાફલો જમ્મુ શહેરમાં ભગવતીનગર યાત્રી નિવાસથી રવાના થયો હતો. શ્રદ્ધાળુઓના નવા કાફલામાં ૧૫૦૫ પુરુષો અને ૩૬૬ મહિલાઓ રહેલી છે. આ સ્રદ્ધાળુઓનો કાફલો ચાર બસ અને ૧૬ હળવા વાહનોમાં કાશ્મીર ખીણ માટે રવાના થયા હતા. સઘન સુરક્ષા વ્યવસ્થા શ્રદ્ધાળુઓને ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. અમરનાથ યાત્રા ગઈકાલે શરૂ થયા બાદથી નવ હજારથી વધુ શ્રદ્ધાળુઓ ઉત્તર કાશ્મીર બલતાલથી અને દક્ષિણ કાશ્મીર

## ગાંધીનગર-અમદાવાદમાં વીજદર ઘટાડો અમલી બન્યો

**અમદાવાદ, ગાંધીનગરમાં રહેતા નાગરિકોને પ્રતિયૂનિટ ૨૭ પૈસાનો ફાયદો થશે : સુરતમાં પ્રતિયુનિટ ૨૮ પૈસાની રાહત**

અમદાવાદ, તા. ૩

અમદાવાદ, ગાંધીનગર અને સુરતમાં રહેતા ગ્રાહકો માટે સારા સમાચાર છે. કારણ કે, તેમના વિજ દર ઘટાડી દેવામાં આવ્યા છે જે પહેલી જુલાઈથી હવે અમલી બની ચુક્યા છે. ગુજરાત ઈલેક્ટ્રીસીટી કમિશન દ્વારા રેગ્યુલેટરી ચાર્જમાં સુધારો કરી દીધો છે.

વિજળીના ગ્રાહકો ઉપર હવે ટોરેન્ટ પાવર લિમિટેડ દ્વારા આને લાગૂ કરવામાં આવનાર છે. રેગ્યુલેટરના આદેશથી અમદાવાદમાં ગ્રાહકોને ૨૦૦ કરોડ રૂપિયાની રાહત થશે જ્યારે ગાંધીનગરમાં પણ જંગી રાહત થનાર છે. સુરતમાં રહેતા લોકોને ૯૦ કરોડની રાહત મળી શકે છે.

૩૧મી માર્ચ ૨૦૧૬ના દિવસે ટોરેન્ટ પાવર લિમિટેડ માટે ટેરિફ ઓર્ડરમાં જીઈઆરસી દ્વારા આ ચાર્જ મંજુર કરવામાં આવ્યા હતા. આ સુધારો કરવામાં આવ્યા બાદ અમદાવાદ, ગાંધીનગરના ગ્રાહકોને પ્રતિ યુનિટ ૨૭ પૈસાનો સીધો ફાયદો થશે જ્યારે સુરત માટે યુનિટદીઠ ૨૮ પૈસાની રાહત થશે.

ટીપીએલ માટે કમિશનના ટેરિફ ઓર્ડરની સમીક્ષાની માંગ કરતી અરજી ઉપર જીઈઆરસીનો અંતિમ ઓર્ડર આવ્યા બાદ આ ઘટાડો થયો છે. કમિશનના ટેરિફ ઓર્ડરમાં કેટલીક સૂચના સ્પષ્ટપણે આપવામાં આવી હતી. જો કે, ગુજરાત સરકાર અને અન્ય ગ્રાહકોએ અલગરીતે કમીશન સમક્ષ રજૂઆત કરી હતી અને આદેશની સમીક્ષાની માંગણી કરી હતી.





વરસાદના વધામણા - લાંબી રાહ જોવડાવ્યા બાદ રવિવારની સાંજે શહેર અને જિલ્લામાં મેઘરાજાની પધરામણી થતાં બાળકો અને યુવાનોએ ઉલ્લાસપૂર્વક વધામણાના દશ્યો સર્જ્યા હતા... સાંજે એકાએક મેઘરાજાની પધરામણીથી આનંદીત થતા યુવાનો જોશમાં આવી વરસાદને ઝીલ્યો હતો... ગાંધીનગર શહેરના વિસ્તારમાં તથા આસપાસની સેવા વસ્તીમાં પણ મોટી સંખ્યામાં નગરજનો વરસાદને વધાવવા બહાર નીકળ્યા હતા... માર્ગો પર મુસાફરી કરતા વાહન ચાલકોએ પણ વાહનો એક તરફ થંભાવી મન ભરીને પહેલા વરસાદને માણ્યો હતો....

# દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ

**ઘણા વિસ્તાર જળબંબાકાર : બારડોલી, ચોર્યાસી, કામરેજ, મહુવા, માંડવીમાં ભારે વરસાદ : ગુજરાતના ૨૮ જિલ્લાના ૧૨૧ તાલુકાઓમાં વરસાદ : સુરતમાં ચાર અને બારડોલીમાં છ ઇંચ વરસાદ : જનજીવન ખોરવાયું : ભારે વરસાદની ચેતવણી**

અમદાવાદ, તા.૩

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજે પણ સતત ત્રીજા દિવસે મેઘસવારી યથાવત રહી હતી. દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના પરિણામ સ્વરુપે નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર બની ગયા હતા. ઘણી જગ્યાએ જનજીવન પણ ખોરવાઈ ગયું હતું. બારડોલી, ચોર્યાસી, કામરેજ, મહુવા, માંડવીમાં ભારે વરસાદ થતાં ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. સૂરત શહેરના નિચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાઈ ગયા હતા. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં અનેક જગ્યાઓ ઉપર અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેથી સાવધાની રાખવાની જરૂર રહેશે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થયો છે. વરસાદથી હજુ સુધી ત્રણ લોકોના મોત થઈ ચુક્યા છે. રાજ્યના ૨૮ જિલ્લાઓના ૧૨૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. અમરેલી, લીલીયા, સાવરકુંડલામાં ભારે વરસાદ થયો છે. ૪૦ તાલુકાઓમાં ચાર ઈંચથી પણ વધુ વરસાદ થયો છે. સુરતમાં ચાર અને બારડોલીમાં પાંચ ઈંચ વરસાદ થયો છે. પ્રાપ્ત માહિતી મુજબ સુરત શહેર સહિત તાપી જિલ્લાના નિચાણવાળા વિસ્તારો જળબંબાકાર બની ગયા હતા. ભારે ઝાપટા સાથે વરસાદની શરૂઆત થયા બાદ ભારે વરસાદની શરૂઆત થઈ હતી. તાપી, સોનગઢ, વ્યારા સહિતના દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ નોંધાયો છે. સોનગઢમાં ભારે વરસાદથી રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી હતી. બારડોલીમાં પાંચ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. વાહન ચાલકોને ભારે મુશ્કેલી નડી રહી છે.

વલસાડ જિલ્લા વહીવટીતંત્રએ બોરી ગામ અને દમણ ગંગા નદીમાં બનેલી ઘટના ફરી ન બને તે માટે સૂચના આપવામાં આવી છે. નદી કિનારે રહેતા વિસ્તારોના લોકોને પણ સાવધાન કરવામાં આવ્યા છે. દક્ષિણ ગુજરાતના વરસાદની વાત કરવામાં આવે તો બપોરે ૧૨ વાગ્યા સુધીના ગાળામાં જ નોંધપાત્ર વરસાદ નોંધાઈ ચુક્યો છે. ભારે વરસાદની ચેતવણી જારી કરાઈ હોવાથી તંત્ર સાબદુ થયું છે.


વિદ્યા લાયબ્રેરી ૨૭માં વર્ષ નિમિત્તે યોજે છે.
**વીસમો ભવ્ય પુસ્તક મેળો**
તા. ૧૦,૧૧ જુલાઈ રવિ-સોમ, ૯ થી ૫
ધોરણ ૫ થી ૧૨ ના
"કોઈપણ પુસ્તક માત્ર રૂપિયા ૧૦/- માં"
જેમાં આપને મળશે - જુના અને નહીવત્ ડીફેકટીવ પુસ્તક, પાઠ્યપુસ્તકો, ગાઈડો, અપેક્ષીતો, પેપરસેટ, પ્રેક્ટીસવર્ક તથા પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ
ભવ્ય ઓફર | ડીક્ષનરી : OXFORD - GALA | ભવ્ય ડિસ્કાઉન્ટ
ચોપડા : સ્પે. ચોપડા માત્ર રૂા. ૧૦/- ; 1 ડઝનના રૂા. 120, 150, 180 થી વધુ
કાગળ : 1 પેકેટ રૂા. 30, 50 ; પૂરવણી (૫૦ નંગ) રૂા. 80 / રૂા. 150
અડધી કિંમતે G.P.S.C. ધાર્મિક, વ્રત કથાઅઓ, મહેંદી, બાળવાર્તા, જનરલ નોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો
રૂા.50/- પેનબોક્સ (નંગ-૨૦) | Diploma રૂા.20/-, ડિગ્રી રૂા.20/- LL.B. સજેશન રૂા.20/-
તારીખ : ૧૦, ૧૧ - જુલાઈ - ૨૦૧૬ રવિ-સોમ સમય સવારે : ૯ થી સાંજે ૫
વિદ્યા લાયબ્રેરી
વિદ્યા શોપીંગ સેન્ટર, સેકટર-૧૬, ગાંધીનગર.
ફોન : 079- -232 29575 (M) 98250 18575, 98795 29575
ખાસ નોંધ : મેળામાં કોઈએ બેગ, થેલા, સાધન સાથે લાવવા નહિ, તેની જવાબદારી અમારી રહેશે નહિ.



મંડપ કેટરીંગ લાઈટીંગ ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેકટર-૨૧, ગાંધીનગર.



૮૦ વર્ષથી રેંટિયો દેશી તુવેર દાળ
નેચરલ પ્રોટીન યુક્ત
RENTIO
NATURAL PROTEIN SOURCE
૫૦૦ ગ્રામ, ૧, ૨, ૫, ૧૦ અને ૨૫ કીલોના પેકીંગમાં ઉપલબ્ધ.
રેંટિયો
દેશી સંબંધોની હેલ્દી પસંદ
/rentio-foods
E-mail: info@rentiofoods.com • www.rentiofoods.com • Customer Care: 02569 250208



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225